અપીલ અરજી નં.૫૦/૦૮–૦૯ તા. ૭–૬–૦૮

અરજદાર: શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ
સામાવાળા: ડે.કમિશનર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીકતારગામ ઝોન

**હુકમ:–**

વિષય:–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછની તા.૩–૪–૦૮ ની અરજીથી રૂા.૧૦૦૦/– સામાન્ય વેરા માટે લેવામાં આવેલા તે અંગેની માહિતી તથા ગ્રામપંચાયત વખતે વેરો વધુ લેવામાં આવેલો છે અંગેની માહિતી બાબત.

સંદર્ભ:– ગુજરાત રાજય આયોગની અપીલ નં.૦૨૫૬/૦૮–૦૯ તા.૨૯–૫–૦૮ના અનુસંધાને તા.૭–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૦/૦૮–૦૯

શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછની તા.૩–૪–૦૮ ની અરજીથી રૂા.૧૦૦૦/– સામાન્ય વેરા માટે લેવામાં આવેલા તે અંગેની માહિતી તથા ગ્રામપંચાયત વખતે વેરો વધુ લેવામાં આવેલો છે તે અંગેની માહિતી બાબતે તા.૯–૫–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારીના નિર્ણયથી નારાજ થઈ રાજય માહિતી આયોગ ગુજરાતને તા.૨૦–૫–૦૮ ના રોજ સીધી અપીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને રાજય આયોગના અપીલ નં.૦૨૫૬/૦૮–૦૯ તા.૨૯–૫–૦૮ ના રોજ પત્રથી અરજદારની અપીલ અંગે પ્રથમ અપીલ અધિકારી કક્ષાએથી નિકાલ કરવા અત્રે રીમાન્ડ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૯૪ તા.૧૦–૬–૦૮ થી ડે.કમિશનર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓના પત્ર નં.એન.ઝેડ/એ આર.ડી/આ.૩૦૨ તા.૨૦–૬–૦૮ થી માહિતી મોલકવામાં આવેલ તે મુજબ તેઓ કક્ષાએથી અરજદારને તા.૧૩–૨–૦૭ ની તેમની અરજીથી આપેલ પુરાવાની માહિતીના કાગળો આપ્યાનું જણાવેલ તથા વસુલ લીધેલ ફી નું વિવરણ પંચાયતની પાછલી બાકી સહિતનું હોવાનું જણાવેલ. પરંતુ અરજદારને તેની વિગતો પૂરી પાડેલ હોવાના કોઈ આધાર આપેલ જણાયેલ નહી.

ઉકત હકીકત અનુસાર તા.૩૦–૬–૦૮ ના રોજ ૪.૦૦ કલાકે સુનાવણી રાખવામાં આવેલ જેમાં અરજદાર રૂબરૂ સુનાવણી સમયે હાજર રહેલા. તેઓએ સામાન્ય વેરાની માહિતી માંગેલ અને રૂા.૧૦૦૦/– ની વિગત અમને શા માટે આપવામાં આવતી નથી એવી રજુઆત કરેલ જયારે જાહેર માહિતી અધિકારી તરફે શ્રી એ.આર.ઓ. કતારગામ ઝોન હાજર રહેલ અને તેઓએ રૂા.૧૦૦૦/– ની વિગતો પૂરી પાડવા માટે તૈયારી બતાવેલ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૩–૪–૦૮ની અરજીથી માંગ્યા મુજબ પૈકીની નહી પૂરી પાડેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મૂલ્યે દિન–૧૦ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશનર(પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ડે.કમિશનર (પ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી, કતારગામઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેશભાઈ પ્રભુદાસ ગરાછ,
(૩) સચિવશ્રી ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર તરફ અપીલના નિકાલ સબબ જાણ સારું.